અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ: ૨૦૨૩-૨૪ માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કૂલ રૂ.૫૦૦૦/- લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવક્રમાંક:**SJED/NIR/e-file/17/2023/0050/J section**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૨૫/૦૯/૨૦૨૩.

**વંચાણેલીધા:-**

(૧) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની કચેરીનો તા.૩૧/૦૩/૨૦૨૩નો પત્ર ક્રમાંક:અજાક/મ-૧/૨૦૨૨-૨૩/૧૫૪૦-૪૧.

**આમુખ :-**

નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક-૧ પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/વ્યવસાય/શૈક્ષણિક પ્રવૃતિઓ માટે ધિરાણ આપવા નિગમોને લોન આપવા માટે સૈધ્ધાંતિક મંજૂરી મળેલ કૂલ રૂ. ૫૦૦૦/- લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે, આ વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નીચે મુજબના ત્રણ નિગમોને વર્ષ: ૨૦૨૩-૨૪માં સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/વ્યવસાય/શૈક્ષણિક પ્રવૃતિઓ માટે ધિરાણ આપવા નિગમોને લોન આપવા માટે કૂલ રૂ. ૫૦૦૦/- લાખ પેટે જે-તે નિગમની સામે દર્શાવ્યા મુજબની રકમ નીચેની શરતોને આધિન ફાળવવા આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | લોનની રકમ(રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૨૦૦૦.૦૦ |
| ૨ | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.) | ૧૦૦૦.૦૦ |
| ૩ | ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ | ૨૦૦૦.૦૦ |
| | કુલ | ૫૦૦૦.૦૦ |

**શરતો:-**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રીએ રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ અનુક્રમે (૧) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, (૨) ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.) તથા (૩) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ મારફતે કરવાનો રહેશે

(૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉધોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

(૬) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૭) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૮) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૯)યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૧) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૨) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૩) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૬) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૧) આ યોજના હેઠળ લોનની નિયમિત વસુલાત, લાભાર્થીઓને અન્ય સુવિધાઓ મળે અને લાભાર્થી ઘર બેઠા વસુલાતની રકમ ભરી શકે વગેરે માટે પોર્ટલ તૈયાર કરી અમલ કરવાનો રહેશે.

ઉક્ત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર | ૯૫ |
| મુખ્ય સદર | ૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ |
| પેટા મુખ્ય સદર | ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ |
| ગૌણ સદર | ૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમો માટે લોન |
| પેટા સદર | એસસીડબલ્યુ-૩૬ આર્થિક ઉત્કર્ષ માટે નિગમો દ્વારા લોન. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.), ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ. |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૯/૦૯/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(હેતલ ગોહેલ)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર .
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.

File No: SJED/NIR/e-file/17/2023/0050/J Section
Approved By: Jigar Patel(DS,J Section,SJED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*